આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-29-07-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## જિલ્લાના પ્રભારી પ્રફુલ્લ પાનસેરિયા સમીક્ષા બેઠક

જિલ્લાના તમામ તાલુકામાં વરસાદ વરસી રહ્યો છે. ત્યારે કચ્છના પ્રભારીમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ જિલ્લાના પદાધિકારીઓ અને વહીવટીતંત્ર સાથે તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજી હતી. જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ જિલ્લાની સમગ્ર પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો હતો. તેમણે વરસાદના લીધે તૂટેલા રોડ રસ્તાઓ યુદ્ધના ધોરણે રિપેર કરવા, જરૂરિયાત મુજબ સ્થળાંતર કરવા, વીજ પુરવઠાનું સ્થાપન કરવા, ફૂડ પેકેટ તૈયાર કરવા, પાણી વિતરણ વ્યવસ્થા, આરોગ્ય સુવિધાઓ અને વરસાદ બાદ યોગ્ય સાફ સફાઈ, જાહેર પરિવહન સેવા શરૂ કરવા સહિતની સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત પ્રભારીમંત્રીએ તમામ પરિસ્થિતિને પહોંચી વળવા જિલ્લા વહીવટીતંત્રને એલર્ટ રહેવા સૂચના આપી હતી. તો રાજ્ય સરકાર દ્વારા સતત પરિસ્થિતિનું મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે અને તમામ મદદની ખાત્રી આપવામાં આવી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મા.ખા

---

## જિલ્લામાં વરસાદ

કચ્છ અને સૌરાષ્ટ્ર ઝોનમાં હજુ પણ આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ત્યારે જિલ્લામાં આજે સવારે છ વાગ્યાથી અત્યારના સાંજના છ વાગ્યા સુધી થયેલ વરસાદ અંગે જિલ્લા કંટ્રોલ રૂમ પરથી મળેલ વિગત અનુસાર આજે સૌથી વધુ વરસાદ માંડવી તાલુકામાં 287 મિલિમીટર જેટલો નોંધાયો છે. જયારે મુંદરામાં 188 મિલિમિટર, અબડાસામાં

129, અંજાર 63, ગાંધીધામ 50, લખપત 49, ભુજ 41, ભચાઉ 36 મિલિમીટર અને સૌથી ઓછો રાપર તાલુકામાં 13 મિલિમિટર વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આગાહી 24 કલાકમાં બંગાળની ખાડી પર સક્રિય થયેલું ડીપ ડીપ્રેશન નબળુ પડવાની જગ્યાએ મજબૂત થતા જિલ્લામાં વાવાઝોડાની સંભાવલના છે.

ફોન/કંટ્રોલરૂમ

---

## રેસ્ક્યુ કામગીરી

જિલ્લામાં ભારે થી અતિભારે વરસાદના પગલે માંડવી તાલુકામાં અનેક વિસ્તાર અસરગ્રસ્ત થયા છે ત્યારે મોટા કાંડાગરાની લેબર કોલોનીમાં ફસાયેલા મજૂરોને વહીવટી તંત્ર દ્વારા રેસ્ક્યુ કરીને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

પરેશભાઈ

---

## ડીપ ડીપ્રેશન સ્થિતિમાં તંત્ર દ્વારા સુચના

જિલ્લામાં ડીપ ડિપ્રેશનના લીધે હાલમાં પણ ભારે વરસાદની પરિસ્થિતિ યથાવત હોય લોકોને કામ વગર બહાર નહીં નીકળવા અને તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

મા.ખા.

---

## પીજીવીસીએલ દ્વારા નાગરિકોને સૂચન

પવન સાથે ભારે વરસાદ વરસી રહ્યો હોવાથી પીજીવીસીએલ દ્વારા નાગરિક જોગ સંદેશ જાહેર કરાયો છે, જેમાં નાગરિકોને પવન સાથે ભારે વરસાદ વચ્ચે વીજ ટ્રાન્સફોર્મર તથા જોખમી વીજ લાઇન, વીજ પોલની નજીક ન જવા તેમજ ભીના હાથે વીજલાઇન કે સ્વીચનો સંપર્ક ન કરવા, ઘરની છત પર લાગેલા સોલાર પેનલ વગેરેને યોગ્ય રીતે બાંધવા જેથી અકસ્માત થતો અટકાવી શકાય, તેમજ

વીજ અકસ્માત કે જોખમની સ્થિતિમાં ટોલ ફ્રી નંબર 19122 નો સંપર્ક સાધવા જણાવાયું છે.

પરેશભાઈ

---

## હમીરસર તળાવ વધાવાયું

જિલ્લા મથક મથક ભુજનું હમીરસર તળાવ સતત ત્રીજી વખત ઓગની જતા ભુજ નગરપાલિકાના પ્રમુખ રશ્મિબેન સોલંકીએ ધાર્મિકવિધિ સાથે તેને વધાવ્યું હતું. રાજ્ય સહિત કચ્છમાં વરસાદથી સર્જાયેલ વિકટ સ્થિતિને લીધે તળાવને સાદગીથી વધાવાયું હતું.

**RNU ઓફિસ**

---

## શૈક્ષણિક કાર્ય બંધ રાખવા સૂચના

દરમિયાન જિલ્લામાં હાલ પડી રહેલ ભારે વરસાદ તથા હવામાન વિભાગની રેડ એલર્ટની આગાહીને કારણે સાવચેતીના ભાગરૂપે આવતીકાલે 30મી ઓગસ્ટે જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટે, નોન ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવા શિક્ષણ વિભાગ દ્વારા સુચના અપાઈ છે.

**RNU ઓફિસ**

---

## ભયજનક સ્થળોએ ન જવા પ્રતિબંધાત્મક હુકમ

ભારે વરસાદને ધ્યાને લઇને જિલ્લામાં નદી, નાળા, નહેર, કોઝ-વે, જળશયો, પાણીનું ભારે વહેણ ધરાવતા ભયજનક સ્થળોએ કોઇપણ વ્યક્તિ, પ્રવાસીઓએ પ્રવેશ ન કરવા જિલ્લા કલેકટર દ્વારા પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવામાં આવ્યા છે. મુન્દ્રા તાલુકાના ખેંગારસગાર, કાળાઘોઘા ડેમ, માંડવી તાલુકાના જ્યોતેશ્વર, વિજયસાગર, અબડાસાના મીઠી અને જંગડીયા ડેમ, લખપતના નારા, ભાડરા, ગોધાતળ અને સાંધ્રો ડેમ, નખત્રાણા તાલુકાના મથલ અને ઓરીડા નિરોણા ડેમ,

ભુજ તાલુકાના  રૂદ્રમાતા, ગજોડ, રતડીયા ડેમ, અંજાર તાલુકાના ટપ્પર, ઝરૂ, નિંગાળ, ગાંધીધામ તાલુકાના શિણાય ડેમ, રાપર તાલુકાના સુવઇ, કાગનોરા, કંધોકા ડેમ, માંડવી બીચ જખૌ બંદર વિસ્તાર, પિંગ્લેશ્વર દરિયા કિનારો, સુથરી બીચ, પાલારધુના ધોધ, કડીયાધ્રો ધોધ, ધિણોધર ડુંગર અને જિલ્લાના મુખ્ય તળાવો, નદી વિસ્તારમાં 3 સપ્ટેમ્બર સુધી પ્રવેશ અંગે પ્રતિબંધાત્મક હુકમ બહાર પાડવામાં આવ્યો છે. હુકમનો ભંગ કરનારા સામે કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. કચ્છના 10 તાલુકાના વિવિધ 87 જેટલા સ્થળોને ભયજનક સ્થળ ગણાવી પ્રવેશ કરવા બાબતે જિલ્લા કલેકટર દ્વારા પ્રતિબંધાત્મક હુકમ ફરમાવવામાં આવ્યો છે.

મા.ખા.

---------------------------------------------------------------------------

RNUBHUJ